| | 04 : મધ્યયુગીન સ્થાપત્યો , શહેરો , વેપારી અને કારીગરો |
|---|---|
| 290 | અનુમોર્યયુગ દરમિયાન કઈ શૈલીમાં સ્તુપોનું બાંધકામ થયું હતું ? |
| ANS. | **ગાંધાર અને મથુરા શૈલીમાં** |
| 291 | શિલ્પકલાનો અર્થ જણાવો . |
| ANS. | **શિલ્પીના મનમાં જાગતા ભાવોને છીણી અને હથોડી વડે પાષાણ , લાકડા કે ધાતુ ઉપર કંડારવાની કલા** |
| 292 | સ્થાપ્ત્યનો સામાન્ય અર્થ શું થાય છે ? |
| ANS. | **બાંધકામ** |
| 293 | સ્થાપત્ય માટે બીજો કયો શબ્દ વપરાય છે ? |
| ANS. | **શિલ્પશાસ્ત્ર શબ્દ વપરાય છે** |
| 294 | સ્થાપત્યકલામાં નિપુણ ( પારંગત ) વ્યક્તિને કાયા નામે ઓળખવામ આવે છે ? |
| ANS. | **સ્થપતિ તરીકે ઓળખવામાં આવે છે** |
| 295 | રાજપૂતયુગનો સમયગાળો કયો હતો ? |
| ANS. | **ઈ.સ 700 થી ઈ.સ 1200 એમ કુલ 500 વર્ષ** |
| 296 | રાજપૂતયુગીન સ્થાપત્યમાં મંદિર નિર્માણ માટેની કઈ શૈલી ઉત્તર ભારતમાં પ્રચલિત થઇ ? |
| ANS. | **નાગરશૈલી** |
| 297 | નાગરશૈલીમાં બંધાયેલા મંદિરોના નામ જણાવો . |
| ANS. | **ખજુરાહોનું મંદિર, પૂરીનું લિંગરાજ મંદિર તથા સૌરાષ્ટ્રના ગોપના મંદિરો** |
| 298 | દિલ્લી સલ્તનતના સમયગાળામાં સ્થાપત્ય માટે કઈ શૈલી પ્રચલિત હતી ? |
| ANS. | **આરબશૈલી** |
| 299 | કયા બાદશાહે બનાવેલી નહેરો અને મસ્જીદો વિશિષ્ટ છે ? |
| ANS. | **ફિરોજ તુગલક** |
| 300 | કુંભલગઢનો દુર્ગ / કિલ્લો કોના દ્વારા બનાવવામાં આવ્યો હતો ? |
| ANS. | **રાણા કુંભા દ્વારા** |
| 301 | કોર્ણાકનાં સૂર્ય મંદિરનું અને કર્ણાટકનું હોંશલેશ્વર મંદિરનું બાંધકામ કઈ સદીમાં કરવામાં આવ્યું હતું ? |
| ANS. | **13મી સદીમાં** |
| 302 | કોર્ણાકનું સૂર્યમંદિર કયા આવેલું છે ? |
| ANS. | **ઓરિસાના પૂરી જીલ્લામાં બંગાળના અખાત પાસે** |
| 303 | ઓરિસ્સાના પૂરી જીલ્લામાં આવેલ કોર્ણાકના સૂર્યમંદિરનું નિર્માણ કોના સમયમાં થયું હતું ? |
| ANS. | **ગંગવંશના રાજા નરસિંહવર્મન પ્રથમના સમયમાં** |
| 304 | એવું કયું મંદિર છે જેનો આકાર સાત અશ્વો ( ઘોડા ) ખેચતા હોય એવો છે ? |
| ANS. | **કોર્ણાકનું સૂર્યમંદિર** |
| 305 | કોર્ણાકના સૂર્યમંદિરના રથના કેટલા પૈંડા છે ? |
| ANS. | **બાર / 12** |

| | |
|---|---|
| 306 | ભારતનું કયું મંદિર " કાળા પેગોડા " તરીકે ઓળખાય છે ? |
| ANS. | **કોર્ણાકનું સૂર્યમંદિર** |
| 307 | કોર્ણાકનું સૂર્યમંદિર કાળા પેગોડા તરીકે શાથી ઓળખાય છે ? |
| ANS. | **તેનું નિર્માણ કાળા પથ્થરમાંથી થયું હોવાથી " કાળા પેગોડા " તરીકે ઓળખાય છે** |
| 308 | ઉતર ભારતના મંદિરોની લાક્ષણીકતા કઈ હતી ? |
| ANS. | **ગોળ શિખરો અને સ્તંભ વિનાનાં ખંડો** |
| 309 | દક્ષીણ ભારતના મંદિરોની લાક્ષણીકતા કઈ હતી ? |
| ANS. | **શંકુ આકારના અણીદાર શિખરો વાળા મંદિરો** |
| 310 | દક્ષીણ ભારતનાં મંદિરોની વિશેષતા કઈ છે ? |
| ANS. | **ગોપુરમ** |
| 311 | ગોપુરમ એટલે શું ? અર્થ જણાવો . |
| ANS. | **મંદિરના ઊંચા પ્રવેશદ્વાર** |
| 312 | મધ્યયુગીન સમયમાં સૌથી ઊંચા મંદિર તરીકે કયા મંદિરની ગણના થતી હતી ? |
| ANS. | **તાંજોરનું રાજરાજેશ્વર મંદિર** |
| 313 | મુઘલ સ્થાપત્ય કલાનો વિશેષ નમુનો કોણે માનવામાં આવે છે ? |
| ANS. | **હુમાયુનો મકબરો** |
| 314 | મુઘલ સ્થાપત્યમાં સર્વોચ્ચ શીખર તરીકે કોની ગણના કરવામાં આવે છે ? |
| ANS. | **શાહજહાંએ બંધાવેલ આગ્રાનો તાજમહાલ** |
| 315 | વિશ્વની સાત અજાયબીઓમાં સ્થાન પામેલ આગ્રાનો તાજમહાલ કઈ નદીને કિનારે આવેલ છે ? |
| ANS. | **ઉતરપ્રદેશની યમુના નદીના કિનારે** |
| 316 | દિલ્લીમાં આવેલ લાલકિલ્લાનું બાંધકામ કોણે કરાવ્યું હતું ? |
| ANS. | **શાહજહાંએ** |
| 317 | શાહજહાંએ બનાવડાવેલ કલાત્મક મયુરાસન કયા કિલ્લામાં આવેલું છે ? |
| ANS. | **લાલકિલ્લામાં** |
| 318 | દર વર્ષે આપણા દેશમાં 15 મી ઓગષ્ટ અને 26મી જાન્યુઆરીએ ધ્વજવંદન ક્યાંથી કરવામાં આવે છે ? |
| ANS. | **લાલકિલ્લા ઉપરથી** |
| 319 | શીખ સંપ્રદાયનું શ્રેષ્ઠતમ સ્થાપત્ય કયું ગણાય છે ? તેનું નિર્માણ ક્યાં થયું હતું ? |
| ANS. | **સુવર્ણમંદિર , અમૃતસરમાં ( પંજાબ )** |
| 320 | સોમનાથનાં મંદિર અને મોઢેરાના મંદિરનો જીણોદ્ધાર કોના સમયમાં અને કઈ સદીમાં થયો હતો ? |
| ANS. | **11મી સદીમાં , સોલંકી રાજા ભીમદેવ પ્રથમ ના સમયમાં** |
| 321 | શૈવપંથનું પુરાતન અને સમૃધ્ધ સોમનાથનું મંદિર કયા આવેલું છે ? |
| ANS. | **ગીર સોમનાથ જીલ્લામાં વેરાવળ પાસે આવેલા પ્રભાસપાટણમાં** |
| 322 | સોમનાથના મંદિરનું છેલ્લે નવું નિર્માણ કયારે થયું હતું ? |

| | |
|---|---|
| ANS. | **ઈ.સ 1951માં** |
| 323 | ભારતના પવિત્ર 12 જ્યોતિર્લિંગમાનું પ્રથમ કયા આવેલું છે ? |
| ANS. | **સોમનાથનું જ્યોતિર્લિંગ** |
| 324 | ઉપરકોટનો કિલ્લો કયા આવેલો છે ? |
| ANS. | **જુનાગઢમાં** |
| 325 | ઉપરકોટનું મુળનામ કયું હતું ? |
| ANS. | **ગિરીદુર્ગ હતું** |
| 326 | જુનાગઢમાં આવેલ અડીકડીની વાવ અને નવઘણ કુવાનું બાંધકામ કોણે કરાવ્યું હતું ? |
| ANS. | **રા'ખેંગાર** |
| 327 | અડીકડીની વાવ અને નવઘણ કુવા વિશે કઈ એક કેહવત પ્રચલિત છે ? |
| ANS. | **અડી-કડી વાવ અને નવઘણ કુવો જેણે ન જોયો તે જીવતો મૂઓ** |
| 328 | મોઢેરાનું સુર્યમંદિર કયા આવેલું છે ? |
| ANS. | **ગુજરાતના મહેસાણા જીલ્લાના મોઢેરા ખાતે** |
| 329 | કોર્ણાકનું સૂર્યમંદિર કયા આવેલું છે ? |
| ANS. | **ઓરિસાના પૂરી જીલ્લામાં બંગાળના અખાત પાસે** |
| 330 | મોઢેરાના સર્યમંદિરની બહાર કેટલા જળ કુંડ આવેલા છે ? |
| ANS. | **108** |
| 331 | ગુજરાતનું એવું કયું મંદિર છે જેમાં સૂર્યનું પ્રથમ કિરણ મંદિરમાં પડે છે અને આખું મંદિર ઝળહળી ઉઠે છે ? |
| ANS. | **મોઢેરાનું સર્યમંદિર** |
| 332 | રાણીની વાવનું નિર્માણ કોણે કરાવ્યું હતું ? |
| ANS. | **ભીમદેવ પહેલાની રાણી ઉદાયમતિએ** |
| 333 | રાણીની વાવ કેટલા માળની છે ? ( પાટણ ) |
| ANS. | **સાત માળની છે** |
| 334 | રાણી ઉદાયમતિએ રાણીની વાવનું નિર્માણ કયારે કરાવ્યું હતું ? |
| ANS. | **ભીમદેવ પ્રથમના અવસાન પછી** |
| 335 | ગુજરાતની કઈ વાવને વર્લ્ડ હેરીટેજ સાઈટનો દરજ્જો આપ્યો છે ? |
| ANS. | **રાણીની વાવ / પાટણ** |
| 336 | ગુજરાતનું વિશિષ્ટ સ્થાપત્ય રુદ્રમહાલયનું નિર્માણ કોણે કરાવ્યું હતું ? |
| ANS. | **સિધ્ધરાજ જયસિંહ** |
| 337 | સિધ્ધરાજ જયનસિંહ કયા પંથનો અનુયાયી હતો ? |
| ANS. | **શૈવપંથ / સંપ્રદાય** |
| 338 | ધોળકામાં મલાવ તળાવ કોણે બંધાવ્યું હતું ? |
| ANS. | **મીનળદેવી** |

| | |
|---|---|
| 339 | વિરમગામનું મુનસર તળાવ કોણે બંધાવ્યું હતું ? |
| ANS. | **મીનળદેવી** |
| 340 | મુનસર તળાવ કયા આવેલું છે ? |
| ANS. | **વિરમગામ** |
| 341 | સહસ્ત્રલિંગ તળાવ કયા આવેલું છે ? તે કોના સમયમાં બાંધવામાં આવ્યું ? |
| ANS. | **પાટણ , સિધ્ધરાજ જયસિંહના સમયમાં** |
| 342 | તમે વડનગરના પ્રવાસે ગયા હોવ તો તમેં ત્યાં ક્યાં સ્થળો જોવાનું પસંદ કરશો ? |
| ANS. | **કીર્તિતોરણ અને શર્મિષ્ઠા તળાવ** |
| 343 | ગુજરાતમાં સલ્તનતકાળ દરમિયાન રાજધાનીનું સ્થળ કયું હતું ? |
| ANS. | **અમદાવાદ** |
| 344 | અમદાવાદ નામનું નગર કોણે વસાવ્યું હતું ? |
| ANS. | **અહમદશાહે 1411માં વસાવ્યું હતું** |
| 345 | ભદ્રકાળીનો કિલ્લો અને જામા મસ્જીદ તમને ક્યા શહેરમાં જોવા મળશે ? |
| ANS. | **અમદાવાદ** |
| 346 | હાલનું અમદાવાદમાં આવેલ કાંકરિયા તળાવ પહેલા કાય નામેં ઓળખાતું હતું ? |
| ANS. | **હો-જે-કુતુબ નામે ઓળખાતું હતું** |
| 347 | હો-જે-કુતુબ નામે ઓળખાતું કાંકરિયા તળાવ કોણે બંધાવ્યું હતું ? |
| ANS. | **અમદાવાદના સુલતાન કુતુબશાહે** |
| 348 | અમદાવાદ શહેરનાં વચ્ચેના ભાગમાં એક બગીચો તૈયાર કરાવવામાં આવ્યો હતો તે કયા નામે ઓળખાય છે ? |
| ANS. | **નગીનાવાડી નામે ઓળખાય છે** |
| 349 | પાલીતાણાના શેત્રુંજય પર્વત ઉપર જૈન મંદિરો કોણે બંધાવ્યા હતા ? |
| ANS. | **પાદ્લીપ્ત નામના જૈન મુનીએ બંધાવ્યા હતા** |
| 350 | દુનિયામાં એકજ જગ્યા ઉપર પહાડ પર સૌથી વધુ મંદિરો હોય એવા સ્થળો ક્યા છે ? |
| ANS. | **પાવાપુરી અને પાલીતાણા** |
| 351 | ગુજરાતમાં એક વિશિષ્ટ સ્થાપત્ય તરીકે કોનો સમાવેશ થાય છે ? |
| ANS. | **પાળિયાનો સમાવેશ થાય છે** |
| 352 | ગુજરાતમાં પાળીયાના શ્રેષ્ઠ ઉદાહરણો કયા છે ? |
| ANS. | **જામનગર પાસે ભૂચર મોરીનો સુરજ કુંવરબાનો પાળીઓ અને સોમનાથના મંદિર પાસેનો હમીરજી ગોહીલનો પાળીઓ** |
| 353 | ચિત્રકલા વિશેના મહત્વના ગ્રંથો કયા ગણાય છે / |
| ANS. | **1. ગુલશન ચિત્રાવલી અને 2. હમ્ઝનામા** |
| 354 | કોના નેતૃત્વ હેઠળ આગ્રામાં એક ચિત્રશાળાની સ્થાપના કરવામાં આવી હતી ? |
| ANS. | **આકારિઝા નામના મહાન ચિત્રકારના નેતૃત્વમાં** |
| 355 | સંગીતમાં કવાલીની શોધ કોણે કરી હતી ? |

| | |
|---|---|
| ANS. | **અમીર ખુશરોએ - તેણે ધ્રુપદને બદલે ખ્યાલપદ્ધતિ દાખલ કરી હતી..** |
| 356 | સંગીત રત્નાકર નામનો ગ્રંથ કોણે લખ્યો હતો ? |
| ANS. | **દેવગીરીના પંડિત સારંગદેવે લખ્યો હતો** |
| 357 | સંગીત સુધાકર નામનો ગ્રંથ સંગીત ક્ષેત્રે કોણે લખ્યો હતો ? |
| ANS. | **ગુજરાતના હરીપાલ દવેએ** |
| 358 | અકબરના સમયમાં શાસ્ત્રીય સંગીત સાથે સંકળાયેલો મહાન કલાકાર કોણ હતો ? |
| ANS. | **તાનસેન** |
| 359 | ભવાઈ લેખન અને ભજવવાનો શ્રેય કોના ફાળે જાય છે ? |
| ANS. | **અસાઈત ઠાકોર** |
| 360 | ઝાલાવાડ વિસ્તારમાં પશુપાલકો એક વિશિષ્ટ રાસ રમે છે તેને શું કહેવાય છે ? |
| ANS. | **હુડો નૃત્ય / તરણેતરના મેળામાં હુડો રમવા લોકો ગુજરાત આવે છે** |
| 361 | ગરબી સાથે કોનું નામ જોડાયેલું છે ? |
| ANS. | **દયારામ / દયારામની ગરબી** |
| 362 | ગુજરાતમાં ભરતગુંથણ કયા વિસ્તારનું જાણીતું છે ? |
| ANS. | **કચ્છના બન્ની વિસ્તારનું અને ખદીર વિસ્તારનું** |
| 363 | પાટણનું શું જાણીતું છે ? |
| ANS. | **પટોળા** |
| 364 | વિજયનગરની રાજધાની કઈ હતી ? |
| ANS. | **હમ્પી વિજયનગરની રાજધાની હતી** |
| 365 | હમ્પી વેપાર વાણિજ્યનું અને હુન્નરકલાનું મહત્વનું નગર હતું એવું શાના ઉપરથી કહી શકાય ? |
| ANS. | **હમ્પીમાંથી મળેલા ત્રણ પ્રકારના સુવર્ણ સિક્કાઓ પરથી કહી શકાય** |
| 366 | સોળમી સદીમાં ભરૂચ અને ખંભાત પછી કયું મહત્વનું બંદર હતું ? |
| ANS. | **સુરત** |
| 367 | ગુજરાતમાં કયા જાણીતા સોદાગરો રહેતા હતા ? |
| ANS. | **વીરજી વોરા અને ગોપી મલિક** |
| 368 | જરીભરત અને કાપડ ઉદ્યોગ માટે કયું સ્થળ જાણીતું છે ? |
| ANS. | **સુરત / સુરત આંતરરાષ્ટ્રીય વેપારી મથક હતુ** |

| આટલું યાદ રાખો | |
|---|---|
| 1 | રાજપૂતયુગીન સ્થાપત્યમાં મંદિર નિર્માણ માટેની કઈ શૈલી ઉત્તર ભારતમાં પ્રચલિત થઇ ? નાગરશૈલી |
| 2 | ગુજરાતમાં કયા જાણીતા સોદાગરો રહેતા હતા ? વીરજી વોરા અને ગોપી મલિક |
| 3 | સોળમી સદીમાં ભરૂચ અને ખંભાત પછી કયું મહત્વનું બંદર હતું ? સુરત |
| 4 | વિજયનગરની રાજધાની કઈ હતી ? હમ્પી વિજયનગરની રાજધાની હતી |
| 5 | ઝાલાવાડ વિસ્તારમાં પશુપાલકો એક વિશિષ્ટ રાસ રમે છે તેને શું કહેવાય છે ? હુડો નૃત્ય |
| 6 | ભવાઈ લેખન અને ભજવવાનો શ્રેય કોના ફાળે જાય છે ? અસાઈત ઠાકોર |
| 7 | સંગીતમાં કવાલીની શોધ કોણે કરી હતી ? અમીર ખુશરોએ |
| 8 | સંગીત રત્નાકર નામનો ગ્રંથ કોણે લખ્યો હતો ? દેવગીરીના પંડિત સારંગદેવે લખ્યો હતો |
| 9 | સંગીત સુધાકર નામનો ગ્રંથ સંગીત ક્ષેત્રે કોણે લખ્યો હતો ? ગુજરાતના હરીપાલ દવેએ |
| 10 | હો-જે-કુતુબ નામે ઓળખાતું કાંકરિયા તળાવ કોણે બંધાવ્યું હતું ? અમદાવાદના સુલતાન કુતુબશાહે |
| 11 | અમદાવાદ નામનું નગર કોણે વસાવ્યું હતું ? અહમદશાહે 1411માં વસાવ્યું હતું |
| 12 | ધોળકામાં મલાવ તળાવ કોણે બંધાવ્યું હતું ? મીનળદેવી |
| 13 | વિરમગામનું મુનસર તળાવ કોણે બંધાવ્યું હતું ? મીનળદેવી |
| 14 | ગુજરાતનું વિશિષ્ટ સ્થાપત્ય રુદ્રમહાલયનું નિર્માણ કોણે કરાવ્યું હતું ? સિદ્ધરાજ જયસિંહ |
| 15 | રાણીની વાવનું નિર્માણ કોણે કરાવ્યું હતું ? ભીમદેવ પહેલાની રાણી ઉદાયમતિએ |
| 16 | મોઢેરાનું સુર્યમંદિર કયા આવેલું છે ? ગુજરાતના મહેસાણા જીલ્લાના મોઢેરા ખાતે |
| 17 | કોર્ણાકનું સૂર્યમંદિર કયા આવેલું છે ? ઓરિસાના પૂરી જીલ્લામાં બંગાળના અખાત પાસે |
| 18 | સોમનાથના મંદિરનું છેલ્લે નવું નિર્માણ કયારે થયું હતું ? ઈ.સ 1951માં |
| 19 | કયા બાદશાહે બનાવેલી નહેરો અને મસ્જીદો વિશિષ્ટ છે ? ફિરોજ તુગલક |
| 20 | દિલ્લી સલ્તનતના સમયગાળામાં સ્થાપત્ય માટે કઈ શૈલી પ્રચલિત હતી ? આરબશૈલી |

| મહત્વના ગ્રંથ અને તેના લેખક / સ્થાપત્યો | | |
|---|---|---|
| 21 | સિદ્ધહેમશબ્દાનું શાશન - હેમચંદ્રાચાર્ય | તુઘલખનામ અને તારીખે દિલ્લી - અમીર ખુશરો |
| 22 | ગીતગોવિંદ - જયદેવ | કિતાબુલ હિન્દ-રહેલા - ઈબ્નબતૂતા |
| 23 | હિતોપદેશ - નારાયણ | કાનડદે પ્રબંધ - પદ્મનાભ |
| 24 | સિદ્ધાંત શિરોમણી અને લીલાવતી -ભાસ્કરાચાર્ય | પદમાવત - મહંમદ જાયસી |
| 25 | પૃથ્વીરાજરાસો - ચંદબરદાઈ | ભાસ્ય - રામાનુજચાર્ય |
| 26 | કાવ્યપ્રકાશ - મમ્મ્ત | મન સોલ્લાસ - સોમેશ્વર |
| 27 | હિતાબુલ હિન્દ - અલબરુની | ગરબી -દયારામ |
| 28 | નીશાતબાગ - કાશ્મીર | શાલીમાર બાગ - લાહોર |
| 29 | આરામબાગ - આગ્રા | સીદી-સૈયદની જાળી - અમદાવાદ |

**કંથરપુરા પ્રાથમિક શાળા તા : તિલકવાડા જિ : નર્મદા**

એકમ ટેસ્ટ ૪. મધ્યયુગીન સ્થાપત્યો, શહેરો,વેપારી અને કારીગરો કુલ ગુણ-૩૦

પ્રશ્ની:1. નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને સાચો ઉત્તર લખો. (૫)

(1) દિલ્લી સલ્તનતના આ સમયગાળામાં મસ્જિદ, મકબરા અને રોજા એમ ત્રણ સ્થાપત્યોની.......... શૈલી પ્રમુખ હતી.

(અ) ઇસ્લામ (બ) નાગર

(ક) સલ્તનત (ડ) આરબ

(2) આગ્રા : ........ બાગ, કાશ્મીર : ............... બાગ

(અ) લાલ-શાલીમાર (બ) નિશાંત –આરામ

(ક) આરામ - નિશાત (ડ) શાલીમાર –લાલ

(3) મુંબઈ............. મંદિર, તાંજોર............... મંદિર.

(અ) રાજરાજેશ્વર - એલિફન્ટાની ગુફા (બ) રથ - સુવર્ણ

(ક) એલિફન્ટાની ગુફા- રાજરાજેશ્વર (ડ) સુવર્ણ- રથ

(4) વર્લ્ડ હેરિટેજ સાઇટનો દરજ્જો પ્રાપ્ત કરનાર સ્થાપત્ય.

(અ) અડી કડીની વાવ (બ) રાણીની વાવ

(ક) કાંકરીયા તળાવ (ડ) રૂડાદેવીની વાવ

(5) બારીઓમાં વિશિષ્ટ પ્રકારની જાળીઓની કોતરણી ધરાવનાર.......

(અ) સીદીસૈયદની જાળી (બ) જામા મસ્જિદ

(ક) ડભોઇનો કિલ્લો (ડ) ધોળકાની મસ્જિદ

**પ્રશ્ન: 2. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.** (૮)

(1) સ્થાપત્ય એટલે શું?

(2) રાજસ્થાનની કઈ કઈ ચિત્ર શૈલીઓ સુવિખ્યાત થતી?

(3) હમ્પીને કઈ બાબતો દ્વારા હુન્નરકલા તથા વેપાર વાણિજ્યનું કેન્દ્ર ગણી શકાય?

(4) મધ્યયુગના સ્થાપત્ય કલાના નામ લખો.

**પ્રશ્ન: 3. વિધાન સાચાં છે કે ખોટાં તે જણાવો.** (૫)

(1) રાણીની વાવ સોલંકી યુગ દરમિયાન બંધાયેલી હતી.

(2) રાજરાજેશ્વર મંદિર શિખ સંપ્રદાયનું શ્રેષ્ઠતમ સ્થાપત્ય છે.

(3) ઉપરકોટનું મૂળ નામ ઈલ્વદુર્ગ હતું.

(4) દુનિયામાં એક જ જગ્યાએ પહાડ પર સૌથી વધારે મંદિર હોય તેવું સ્થળ એટલે પાવાપુરી.

(5) ગુજરાતમાં કચ્છ અને કાઠિયાવાડમાં પાળિયાઓની પરંપરા આજે પણ જીવંત છે.

**પ્રશ્ન : 4. ટૂંક નોંધ લખો.** (૧૨)

(1)પાળિયા

(2) મોઢેરાનું સૂર્યમંદિર

(3) મુઘલ સ્થાપત્યકલા

(4) રાણીની વાવ